ગુજરાતમિત્ર

આવતી કાલની અપેક્ષાઓ :

॥ સ્વાગત ॥ 2026

ગુરુવાર ૧ જાન્યુઆરી, ૨૦૨૬



દરેક નવું વર્ષ નવી આશા સાથે આવે છે અને દરેક ક્ષેત્ર જેમ કે વ્યક્તિ, કોઇ કચેરી, કોઇ સરકારી મંત્રાલય વિકાસ માટેના નવા નવા સંકલ્પ લેતા હોય છે. ગુજરાતમાં 2025ના વર્ષમાં બનેલી આગ, અકસ્માત જેવી ઘટનાઓ ભૂલી જઇને હવે નવા નિર્માણની વાત કરવાનો સમય થઇ ગયો છે. તેમ છતાં પણ આ વર્ષે પાકિસ્તાન, અફઘાનિસ્તાન, યુક્રેન, રશિયા, હમાસ, ઈઝરાયેલ પર નજર રહેશે. તો ભારતમાં પશ્ચિમ બંગાળની ચૂંટણી દેશના રાજકારણની દિશા નક્કી કરશે. ત્યારે 2026માં ગુજરાત ફરી એક વખત નવા ઇન્ફ્રાસ્ટ્રક્ચર સાથે તૈયાર થઇ ગયું છે. ગુજરાતમાં ખાસ કરીને ધોલેરા સ્પેશિયલ ઇન્વેસ્ટમેન્ટ રિજિયન એટલે કે સર તરીકે તૈયાર થઇ રહ્યું છે અને ત્યાં મોટું રોકાણ આવવાની શક્યતા છે. તો ખાસ કરીને ચિતાનું ગુજરાતમાં આગમન એ સૌથી મોટી સિદ્ધિ સાબિત થશે.

# બીજા વિશ્વ યુદ્ધ પછીની સૌથી ઘાતક રશિયા–યુક્રેન વોર અટકી જશે કે ફરી શરૂ થશે







અમેરિકાના રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પ અને યુક્રેનના રાષ્ટ્રપતિ વોલોદિમિર ઝેલેન્સ્કીની વચ્ચે ફ્લોરિડાના માર-એ-લાગોમાં શાંતિ કરાર માટે મહત્વની બેઠક યોજાઈ છે. આ બેઠક પછી, ટ્રમ્પ અને ઝેલેન્સ્કીએ પત્રકાર પરિષદ યોજીને સંયુક્ત નિવેદન બહાર પાડ્યું, જેમાં તેમણે યુક્રેન-રશિયા યુદ્ધ અને સંભાવિત શાંતિ કરારના સંકેત આપ્યા છે. અમેરિકાના રાષ્ટ્રપતિ ટ્રમ્પે ઝેલેન્સ્કીની સાથેની બેઠકે શાનદાર ગણાવી છે. આ બેઠક બે કલાક કરતાં લાંબી ચાલી અને બંને નેતાઓએ કેટલાક મહત્વના મુદ્દાઓ પર ચર્ચા કરી. આ બેઠક પછી ટ્રમ્પનું માનવું છે કે શાંતિ સમજૂતિનો સમય ખૂબ નજીક આવી ગયો છે. કેમ કે ઝેલેંસ્કી અને ટ્રમ્પે યુરોપના કેટલાક નેતાઓ સાથે પણ વાતચીત કરી છે. ટ્રમ્પનું કહેવું છે કે, અમે એ યુદ્ધ( રશિયા-યુક્રેન ) ને સમાપ્ત કરવા માટે ખૂબ પ્રગતિ કરી છે, જે કદાચ બીજા દ્વિતીય યુદ્ધ પછીનું સૌથી ઘાતક યુદ્ધ છે. તો બીજી તરફ ડુરંડ લાઇન મુદ્દે પાકિસ્તાન અને અફઘાનિસ્તાન વચ્ચે પણ વિવાદ ચાલી રહ્યો છે જે ગમે ત્યારે યુદ્ધ અથવા તો ગેરિલા યુદ્ધનું સ્વરૂપ લઇ શકે છે એટલે આ વિવાદ પર પણ આગામી વર્ષમાં સમગ્ર વિશ્વવી નજર રહેશે. તો અત્યારે ભલે હમાસ અને ઇઝરાયેલ વચ્ચે યુદ્ધ વિરામ છે પરંતુ આગામી વર્ષે ગમે ત્યારે ફરી આ જંગ શરુ થઇ શકે છે. આ ઉપરાંત વેનેઝુએલા, ઇરાન અને સિરિયા અને નાઇઝિરિયામાં રહેતા આતંકવાદીઓ પર પણ અમેરિકા ગમે ત્યારે કાર્યવાહી કરી શકે છે.

## SpaceX IPO: 30 અબજ ડોલર કરતાં વધુ મોટો આઇપીઓ લાવશે એલનો મસ્ક




એલોન મસ્ક, દુનિયાના સૌથી અમીર અને કંઈક નવું કરવામાં માને છે. સ્પેસએક્સ કંપની દ્વારા અવકાશમાં પણ અનોખી સિદ્ધિ પ્રાપ્ત કર્યા બાદ તે શેર બજારમાં પણ મોટી સફળતા માટે આગળ વધી રહ્યા છે. એવું કહેવાય છે કે તે 2026 માં સ્પેસએક્સ આઈપીઓ લાવી રહ્યા છે. જે દુનિયાનો સૌથી મોટો આઈપીઓ હોવાનું સુત્રો જણાવી રહ્યા છે. બ્લૂમબર્ગ ન્યૂઝ અનુસાર, એલોન મસ્કનું સ્પેસએક્સ પ્રારંભિક જાહેર ઓફરની યોજનાઓ સાથે આગળ વધી રહ્યું છે અને કંપનીનો આઈપીઓ લાવી રહ્યું છે. જે 30 બિલિયન ડોલરથી વધુ ફંડ એકત્ર કરવાનો અને લગભગ 1.5 ટ્રિલિયન ડોલરના મૂલ્યાંકનનું લક્ષ્ય રાખશે. આ અહેવાલમાં વધુ જણાવાયું છે કે સ્પેસએક્સના મેનેજમેન્ટ અને સલાહકારો 2026 ના મધ્યથી અંત સુધીમાં આખી કંપની માટે લિસ્ટિંગ શરૂ કરવા માટે પ્રયાસ કરી રહ્યા છે.

## બાંગ્લાદેશની ચૂંટણી પર ભારતની નજર રહેશે



બાંગ્લાદેશમાં શેખ હસીનાની સરકારને ઉથલાવી દીધાના લગભગ દોઢ વર્ષ પછી ફરીથી સામાન્ય ચૂંટણી યોજાવાની છે. બાંગ્લાદેશના મુખ્ય ચૂંટણી કમિશનર એએમએમ નાસિર ઉદ્દીને જાહેરાત કરી છે કે ચૂંટણી 12 ફેબ્રુઆરી, 2026ના રોજ યોજાશે. હિંસક વિદ્યાર્થી બળવા પછી બાંગ્લાદેશમાં પહેલી ચૂંટણી યોજાઈ રહી છે. જો કે શેખ હસીનાની આવામી લીગ પાર્ટી આ સામાન્ય ચૂંટણીઓમાં ભાગ લઈ શકશે નહીં. ઘણા અગ્રણી આવામી લીગ નેતાઓની ધરપકડ કરવામાં આવી છે અને પાર્ટીને ચૂંટણી લડવા અને રાજકીય પ્રવૃત્તિઓમાં ભાગ લેવા પર પ્રતિબંધ મૂકવામાં આવ્યો છે. આ ચૂંટણી પહેલા 17 વર્ષ બાદ ખાલિદા ઝીયાના પુત્ર તારીક રેહેમાન બાંગ્લાદેશ આવી ગયા છે. જો કે આ ચૂંટણી ભારત માટે ખાસ રહેશે કારણ કે, નવી સરકાર આવશે તો સંબંધ સુધરશે કારણ કે, હાલ બાંગ્લાદેશના સંબંધ ભારત સાથે વણસી ગયા છે અને પાકિસ્તાન તરફ તેનું વલણ થઇ ગયું છે.

## ચીન દક્ષિણ ધ્રુવના અભ્યાસ માટે ચાંગ'ઈ લોન્ચ કરશે તો અમેરિકાનું મિશન આર્ટેમિસ – 2

### ચીન ચંદ્રના દક્ષિણ ધ્રુવના અભ્યાસ માટે ચાંગ 'ઇ લોન્ચ કરશે



ચીન 2026 ના અંતમાં ચંદ્રના દક્ષિણ ધ્રુવનું અન્વેષણ કરવા માટે ચાંગ 'ઇ 7 લોન્ચ કરશે. આ મિશનમાં એક ઓર્બિટર, એક રિલે સેટેલાઇટ, એક લેન્ડર, એક રોવર અને એક મીની-ફ્લાઈંગ પ્રોબનો સમાવેશ થશે.

### અમેરિકા આર્ટેમિસ 2 મિશન લોન્ચ કરશે



અમેરિકા ફેબ્રુઆરી 2026 ની શરૂઆતમાં અવકાશયાત્રીઓને ચંદ્રની આસપાસ દસ દિવસની ચંદ્ર ઉડાન પર મોકલતા સ્પેસ લોન્ચ સિસ્ટમ પર આર્ટેમિસ 2 મિશન લોન્ચ કરશે. એપોલો પ્રોગ્રામ પછી આ પ્રકારનું પ્રથમ ચંદ્ર મિશન હશે જે ખાનગી કંપની લોન્ચ કરશે

### ચીન વિશાળ અવકાસ ટેલિસ્કોપ લોન્ચ કરશે

ચીન 2026 માં ઝુન્ટિયન, એક વિશાળ અવકાશ ટેલિસ્કોપ પણ લોન્ચ કરવાની યોજના ધરાવે છે જે ટિઆંગોંગ અવકાશ મથક સાથે સહ-ભ્રમણકક્ષામાં જશે.

## સ્ટારવોર્સ-2


ડિઝની અને લુકાસફિલ્મ્સ દ્વારા લોકપ્રિય 'સ્ટાર વોર્સ' ફ્રેન્ચાઈઝીની આગામી ફિલ્મ 'ધ મેન્ડલોરિયન એન્ડ ગ્રોગુ' ( The Mandalorian and Grogu ) ની જાહેરાત કરવામાં આવી છે. આ ફિલ્મ 26 મે ના રોજ સિનેમાઘરોમાં રિલીઝ થવા જઈ રહી છે, જેનું નિર્દેશન પ્રખ્યાત ડાયરેક્ટર જોન ફેવરુ કરી રહ્યા છે. લાંબા સમય સુધી ઓટીટી પ્લેટફોર્મ પર ધૂમ મચાવ્યા બાદ, હવે આ જોડીને મોટા પડદા પર જોવી એ સ્ટાર વોર્સના ચાહકો માટે એક અનોખો અનુભવ હશે. જોન ફેવરુનું નિર્દેશન આ ફિલ્મને વધુ રોમાંચક બનાવશે તેવી અપેક્ષા છે.




## HOLLYWOOD CINEMA




### 'સ્પાઇડર-મેન: બ્રાન્ડ ન્યૂ ડે'




માર્વેલ સિનેમેટિક યુનિવર્સ ( MCU ) ના ચાહકો માટે એક ઉત્તેજક સમાચાર છે. માર્વેલ સ્ટુડિયોની આગામી ફિલ્મ 'સ્પાઇડર-મેન: બ્રાન્ડ ન્યૂ ડે' પીટર પાર્કરની સફરમાં એક નવો અને રોમાંચક અધ્યાય શરૂ કરવા જઈ રહી છે. આ ફિલ્મમાં પીટર પાર્કર એક સામાન્ય નાગરિક તરીકે નવું જીવન શરૂ કરશે, જ્યાં તેની પાસે ટેક્નોલોજી કે એવેન્જર્સનો સાથ નહીં હોય.

### 'એવેન્જર્સ: ડૂમ્સડે'

માર્વેલ સિનેમેટિક યુનિવર્સ ( MCU ) ના ચાહકો જેની આતુરતાથી રાહ જોઈ રહ્યા છે, તે ફિલ્મ 'એવેન્જર્સ: ડૂમ્સડે' વર્ષ 2026 માં રિલીઝ થવાની તૈયારીમાં છે. આ ફિલ્મ માત્ર એક મૂવી નહીં, પણ સિનેમા જગતની સૌથી મોટી ઘટનાઓમાંથી એક સાબિત થશે તેવી અપેક્ષા રાખવામાં આવી રહી છે.

## ICC વર્લ્ડકપ T-20ની યજમાની ભારત અને શ્રીલંકા સંયુક્ત રીતે કરશે

આવતા વર્ષે ટી-20 વિશ્વ કપ યોજાશે. જેની યજમાની ભારત અને શ્રીલંકા સંયુક્ત રીતે કરશે. આ ઉપરાંત મહિલા વર્લ્ડ કપનું આયોજન ઈંગ્લેન્ડ ખાતે કરવામાં આવ્યું છે. **(2026 સ્પોટર્સ કેલેન્ડર)**

| તારીખ | રમત | ઇવેન્ટ | સ્થળ |
|---|---|---|---|
| 12 જાન્યુઆરી થી 1 ફેબ્રુઆરી | ટેનિસ | ઓસ્ટ્રેલિયન ઓપન | મેલબોર્ન ઓસ્ટ્રેલિયા |
| 07 જાન્યુઆરીથી 11 જાન્યુઆરી | ટેબલ ટેનિસ | વર્લ્ડ ટેબલટેનિસ | દોહા-કતાર |
| 06 ફેબ્રુઆરીથી 22 ફેબ્રુઆરી | મલ્ટી સ્પોર્ટર્સ | વિન્ટર ઓલિમ્પિક | મિલાન-ઇટાલી |
| 01 ફેબ્રુઆરીથી 1 માર્ચ | ક્રિકેટ | ICC વર્લ્ડ કપ ટી-20 | ભારત-શ્રીલંકા |
| 06 માર્ચથી 15 માર્ચ | મલ્ટીસ્પોટ્ર્સ | વિન્ટર પેરાલેમ્પિક | મિલાન-ઇટાલી |
| 18 જૂનથી 7જૂન | ટેનિસ | ફ્રેન્ચ ઓપન | પેરીસ ફ્રાન્સ |
| 11 જૂનથી 11 જુલાઇ | સોકર | ફીફા વર્લ્ડકપ | US-કેનેડા-મેક્સિકો |
| 12 જૂનથી 5 જુલાઇ | ક્રિકેટ | ICC વર્લ્ડકપ ટી20 મહિલા | વેલ્સ-ઇગ્લેન્ડ |
| 29 જૂનથી 12 જુલાઇ | ટેનિસ | વિમ્બલ્ડન | લંડન, ઈંગ્લેન્ડ |
| 23 જુલાઇથી 2 ઓગસ્ટ | મલ્ટી સ્પોટ્ર્સ | કોમનવેલ્થ ગેમ્સ | ગ્લાસગ્લો, સ્કોટલેન્ડ-યુકે |
| 15 ઓગસ્ટથી 30 ઓગસ્ટ | ફિલ્ડ હોકી | હોકી વર્લ્ડકપ | બેલ્જિયમ-નેધરલેન્ડ |
| 31 ઓગસ્ટથી 13 સપ્ટેમ્બર | ટેનિસ | યુએસઓપન | ન્યુયોર્ક-યુએસએ |
| 19 સપ્ટેમ્બરથી 4 ઓક્ટોબર | મલ્ટીસ્પોટ્ર્સ | એશિયનગેમ્સ | નાગોયા જાપાન |

# ૨૦૨૬માં આવનારી નવી ટેક્નોલોજી

## સામાન્ય માણસનું જીવન વધુ સરળ બનશે

**૨૦૨૬માં ટેક્નોલોજીની દુનિયામાં મોટા ફેરફારો આવવાના છે, જેનાથી સામાન્ય લોકોનું રોજિંદું જીવન વધુ સરળ, સમય બચાવનારું, સ્વસ્થ અને આરામદાયક બનશે. આ ટેક્નોલોજીઓ મુખ્યત્વે આર્ટિફિશિયલ ઇન્ટેલિજન્સ (એઆઈ) પર આધારિત છે અને તેને સામાન્ય લોકો સુધી પહોંચાડવા માટે વધુ સસ્તી અને વપરાશમાં સરળ બનાવવામાં આવી રહી છે.**

### AI એજન્ટ્સ (AI Agents)



એઆઈ એજન્ટ્સ એ એવા અદ્યતન સોફ્ટવેર છે જે તમારા ફોન કે કમ્પ્યુટરમાં રહીને તમારા વ્યક્તિગત સહાયકની જેમ કામ કરે છે. તે તમારી આદતો, પસંદગીઓ અને રોજિંદા ડેટાને શીખીને આપમેળે નિર્ણયો લે છે અને કાર્યો પૂરાં કરે છે, જેથી તમારે વારંવાર આદેશ આપવાની જરૂર ન પડે. આનાથી વ્યસ્ત જીવનમાં સમયની મોટી બચત થશે અને માનસિક તણાવ ઘટશે.

**ઉદાહરણ:** તમારા કેલેન્ડર અને ઈમેઈલને જોઈને આપમેળે ડોક્ટર કે ઓફિસની મીટિંગ બુક કરશે. તમારી ગયા અઠવાડિયાની ખરીદી જોઈને શોપિંગ લિસ્ટ બનાવીને ઓનલાઇન ઓર્ડર કરી દેશે કે તમારા વર્કઆઉટ અને ડાયટ ડેટા જોઈને વ્યક્તિગત ફિટનેસ પ્લાન સૂચવશે.

### હોમ રોબોટ્સ (Home Robots)



આ હ્યુમનોઇડ (માનવ આકારના) અથવા સ્માર્ટ રોબોટ્સ ઘરનાં રોજિંદાં કામોને સંભાળશે. તેમાં એઆઈ અને સેન્સર્સ હોવાથી તે વસ્તુઓને ઓળખે છે, પર્યાવરણને સમજે છે અને સુરક્ષિત રીતે કામ કરે છે. ૨૦૨૬માં આ રોબોટ્સની કિંમત ઘટશે અને તે વધુ વિશ્વસનીય બનશે, જેથી મધ્યમ વર્ગનાં પરિવારો પણ તેને ઘરમાં રાખી શકે.

**ઉદાહરણ:** સવારે ઘરની આખી સફાઈ કરી દેશે. તમારી ફ્રીઝમાં જે સામગ્રી છે તે જોઈને સરળ વાનગી બનાવશે કે વૃદ્ધ માતા-પિતાને દવા આપવાનું યાદ કરાવીને તેમની હિલચાલ પર નજર રાખીને જરૂર પડે તો પરિવારને એલર્ટ મોકલશે.

### ફોલ્ડેબલ સ્માર્ટફોન્સ (Foldable Smartphones)



આ નવા પ્રકારના સ્માર્ટફોન્સને વાળીને નાના કદમાં પોકેટમાં રાખી શકાય છે, પરંતુ ખોલતાં તે ટેબ્લેટ જેવી મોટી સ્ક્રીનમાં ફેરવાઈ જાય છે. ૨૦૨૬માં એપલનું પહેલું ફોલ્ડિંગ આઈફોન અને અન્ય કંપનીઓના ટ્રાઈ-ફોલ્ડ (ત્રણ વાર વાળી શકાય તેવા) મોડલ્સ આવશે, જે વધુ ટકાઉ અને બેટરી કાર્યક્ષમ હશે.

### ઇલેક્ટ્રિક વ્હીકલ્સ (Electric Vehicles)



નવી પેઢીનાં ઇલેક્ટ્રિક વાહનોમાં અદ્યતન બેટરી ટેક્નોલોજી હોવાથી તે ઝડપી ચાર્જ થશે, લાંબી રેન્જ આપશે અને વધુ ઓટોનોમસ (સ્વચાલિત) ફીચર્સ સાથે આવશે. આનાથી ઈંધણનો ખર્ચ ઘટશે અને પ્રદૂષણ ઓછું થશે. ફક્ત ૧૫-૨૦ મિનિટમાં ફુલ ચાર્જ થઈને ૫૦૦ કિલોમીટરથી વધુ ચાલશે અને હાઇ વે પર આપમેળે ડ્રાઇવ કરીને ટ્રાફિકમાં નેવિગેટ કરશે જેથી તમે આરામ કરી શકો કે કામ કરી શકો.

### હાઇડ્રોજન ફ્યુલ સેલ વ્હીકલ્સ (Hydrogen Fuel Cell Vehicles)




આ વાહનો હાઇડ્રોજન ગેસને ફ્યુલ સેલમાં વીજળીમાં ફેરવીને ચાલે છે, જેમાં માત્ર પાણીની વરાળ જ નીકળે છે - કોઈ પ્રદૂષણ નહીં. તેમની ખાસિયત છે ઝડપી રિફિલિંગ (માત્ર ૫ મિનિટમાં) અને લાંબી રેન્જ (૫૦૦-૬૦૦ કિ.મી.) ૨૦૨૬માં આ માર્કેટ ઝડપથી વધશે. ખાસ કરીને ટ્રક્સ અને કોમર્શિયલ વાહનોમાં અને નવા મોડલ્સ જેમ કે હ્યુન્ડાઇનું નવું NEXO અને અન્યમાં આવશે. ભારતમાં પણ ટોયોટા મિરાઇ જેવા મોડલ્સના પાઇલટ પ્રોજેક્ટ્સ ચાલી રહ્યા છે અને ઇન્ફ્રાસ્ટ્રક્ચર વધશે. હાઇડ્રોજન સ્ટેશન પર પેટ્રોલની જેમ ઝડપથી ભરાવીને આગળ વધો અને ટ્રક્સમાં તે હેવી લોડ સાથે લાંબા અંતર કાપવા માટે આદર્શ બનશે. આ બધી ટેક્નોલોજીઓથી ૨૦૨૬માં સામાન્ય માણસનું જીવન ખરેખર વધુ આરામદાયક, સ્વસ્થ અને કાર્યક્ષમ બનશે. જો કે, તેની સાથે ડેટા પ્રાઇવસી, સાયબર સુરક્ષા અને એઆઈથી નોકરીઓ પર થતી અસર જેવા મુદ્દાઓ પર પણ ધ્યાન આપવું જરૂરી છે. આ પરિવર્તનને સમજીને અને જવાબદારીપૂર્વક અપનાવીએ તો સૌથી વધુ લાભ મળી શકશે.